# આખા વર્ષનાં ઈ-વ્હીકલ 4.5 માસમાં જ વેચાઈ ગયાં

**1 એપ્રિલથી** 14 ઓગસ્ટ સુધીમાં 9391 ઈ-વાહનની નોંધણી

**ગત** વર્ષે ફોર-વ્હીલર EVમાં 1241 વેચાણ સામે આ વર્ષે માત્ર 4 મહિનામાં 1829 કારનું વેચાણ

સુરતઃ સુરતમાં ઈલેક્ટ્રિક વાહનોને લઈને જે ક્રેઝ જોવા મળી રહ્યો છે. તેણે તમામ જૂના રેકોર્ડ તોડી નાંખ્યા છે. RTOના તાજા આંકડા મુજબ ચાલુ નાણાકીય વર્ષના પહેલા સાડા ચાર મહિનામાં જ લગભગ આખા ગત વર્ષ જેટલા ઈ-વાહનો વેચાઈ ગયા છે.

પ્રાપ્ત માહિતી મુજબ 01-04-2026થી 14-08-2026 સુધીમાં સુરતમાં કુલ 9391 ઈ-વાહનની નોંધણી થઈ છે. ગત આખા નાણાકીય વર્ષ 2024-25 માં કુલ 13,052 ઈ-વાહન વેચાયા હતા, ત્યારે આ વર્ષે માત્ર 136 દિવસમાં જ 72% જેટલો આંકડો પાર કરી લેવામાં આવ્યો છે. હજુ 7 મહિના બાકી છે ત્યારે આ વર્ષે આંકડો 25 હજારને પાર જાય તેવી શક્યતા છે.

આ તેજીનું સૌથી મોટું કારણ ફોર-વ્હીલર EV છે. ગત આખા વર્ષ દરમિયાન સુરતમાં માત્ર 1241 ઈ-કાર વેચાઈ હતી, જ્યારે ચાલુ વર્ષે માત્ર સાડા ચાર મહિનામાં જ 1829 ફોર-વ્હીલર EV ની નોંધણી થઈ ગઈ છે, એટલે કે ગત વર્ષ કરતા 47% વધુ વેચાણ માત્ર શરૂઆતના મહિનાઓમાં જ થઈ ગયું છે. આ ઉપરાંત ટુ-વ્હીલરમાં 7170, થ્રી-વ્હીલરમાં 366 અને ગુડ્સ કેરિયરમાં 24 વાહનોની નોંધણી થઈ છે.

## શહેરમાં 8 મહિનામાં 16,975 ઈ-વાહનનું વેચાણ

શહેરમાં ઈ-વાહનોનો ક્રેઝ સતત વધી રહ્યો છે. 1 જાન્યુઆરી 2026થી 15 સપ્ટેમ્બર 2026 સુધીમાં કુલ 16,975 ઈ-વાહનની નોંધણી થઈ છે. જેમાં સૌથી વધુ 12,873 ટુ-વ્હીલર, 3305 ફોર-વ્હીલર, 724 થ્રી-વ્હીલર, 71 ગુડ્સ વાહન, 1 બસ અને 1 એડેપ્ટેડ વાહનનો સમાવેશ થાય છે.

## 4 વર્ષમાં 74 હજારથી વધુ EV રોડ પર

આંકડા મુજબ નાણાકીય વર્ષ 2022-23માં સુરતમાં સૌથી વધુ 24,650 ઈ-વાહન વેચાયા હતા, જેમાં 23,478 ટુ-વ્હીલર હતા. 2023-24માં આ આંકડો ઘટીને 21,073 થયો અને 2024-25માં સબસિડી ખતમ થતાં વેચાણ 13,052 પર આવી ગયું હતું. જોકે ચાલુ નાણાકીય વર્ષ 2025-26માં ફરી તેજી જોવા મળી છે. પહેલાં સાડા ચાર મહિનામાં જ 9,391 ઈવ્હીકલનું વેચાણ થઈ ચૂક્યું છે. સૌથી મોટો બદલાવ ફોર-વ્હીલરમાં આવ્યો છે. 2022-23માં માત્ર 661 કાર વેચાઈ હતી જે 2026-27માં પહેલાં સાડા ચાર મહિનામાં 1,829 થઈ ગઈ છે. એટલે કે લોકો હવે બાઈકથી આગળ વધીને ઈ-કાર તરફ વળી રહ્યા છે, જ્યારે બસ અને ટેક્સી સેગમેન્ટમાં હજુ પણ ઘટાડો જોવા મળે છે.

## રનિંગ કોસ્ટ ઓછી હોવાના લીધે લોકો EV તરફ વળ્યા: હિતેન્દ્ર નાણાવટી, ફાડા ગુજરાતના ચેરપર્સન

ફાડા (ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન)ના ગુજરાત ચેપ્ટરના ચેરપર્સન હિતેન્દ્ર નાણાવટીના મતે લોકો ઈવીમાં ભવિષ્ય જોઈ રહ્યાં છે. ઈવીમાં રનિંગ કોસ્ટ અને મેઈન્ટેનન્સ ઓછું છે. સિટીમાં ઉપયોગ માટે ઈવી કાર સસ્તી પડે છે. વળી, પેટ્રોલના વધતા ભાવ અને ઈથેનોલના મિશ્રણની અસર પણ જોવા મળી છે.

# કિશોરને કચડનારનો વિડીયો આપ્યો છતાં આરોપી અજાણ્યો

**રાંદેરમાં** બાઇકચાલકોએ પીછો કર્યો, કાર ચલાવતો 'મીનુ' હતો, PSIએ આક્ષેપો ફગાવ્યા

સુરતઃ રાંદેર વિસ્તારમાં પૂરપાટ ઝડપે દોડતી સ્વિફ્ટ કારે ૧૫ વર્ષના નિર્દોષ કિશોરને અડફેટે લઈ કચડી નાખનાર મીનુ હોવાનો વિડીયો પોલીસને આપ્યો હોવા છતાં પણ પોલીસે આરોપીની ઓળખ અને વીડિયો પુરાવા ઉપલબ્ધ હોવા છતાં રાંદેર પોલીસ આરોપીને છાવરવાનો પ્રયાસ કરી રહી હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે.

## પીછો કર્યો અને વિડીયો આપ્યા છતાં પોલીસને આરોપી 'નથી દેખાતો'!

ગત તા. ૧૫/૦૯/૨૦૨૬ના રોજ રાત્રિના સુમારે રાંદેર બેજનવાલા કોમ્પ્લેક્સ સામે બીઆરટીએસ (BRTS) રૂટ નજીક સફેદ રંગની સ્વિફ્ટ કાર (નં. GJ-16-FA-5777)ના ચાલકે ગફલતભરી રીતે હંકારી કિશોરને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત સર્જી કારચાલક નાસી છૂટતાં ૨થી ૩ બાઇકચાલકોએ તેનો પીછો કર્યો હતો. આ દરમિયાન કારમાં મીનુ અને ફુરકાન નામના ઈસમો સવાર હોવાનું અને મીનુ કાર ચલાવતો હોવાનું સામે આવ્યું હતું.

## વગ હોવાથી આરોપીને છાવરવાની ફિરાક?

બનાવમાં સામેલ મીનુ અને ફુરકાન રાંદેર પોલીસ મથકમાં ઊઠક-બેઠક ધરાવતા હોવાના કારણે પોલીસ તેમને બચાવવા માટે 'રાત-દિવસ એક' કરી રહી હોવાનો રોષ લોકોમાં જોવા મળી રહ્યો છે.

## પીએસઆઈ પરમારે આક્ષેપો નકાર્યા

તપાસ અધિકારી પીએસઆઈ જી.કે.પરમારે આક્ષેપો પાયાવિહોણા ગણાવી તેનો સ્પષ્ટ ઇન્કાર કર્યો હતો.

# અડાજણમાં આંકડાના થડમાં ગણેશજીને મનોકામનાની ચિઠ્ઠી આપવાની પરંપરા

સુરત :અડાજણ ગામ ખાતે વર્ષો જૂના આંકડાના ઝાડના થડ અને મૂળના ભાગમાં ગણેશજીના સ્વરૂપ જેવી આકૃતિ જોવા મળતા આ સ્થળ સ્થાનિકોમાં આસ્થાનું કેન્દ્ર બન્યું છે. આંકડાના થડમાં સૂંઢ, આંખો અને ધડ જેવી આકૃતિ કુદરતી રીતે ઉપસી આવેલી હોવાનું સ્થાનિકો જણાવે છે. અડાજણ ઉપરાંત સુરતના અન્ય વિસ્તારોમાંથી પણ શ્રદ્ધાળુઓ અહીં દર્શન માટે આવતા હોવાનું સ્થાનિકોનું કહેવું છે.ધાર્મિક માન્યતા મુજબ શ્વેતાર્ક એટલે કે સફેદ આંકડાને ગણેશ ઉપાસનામાં વિશેષ સ્થાન આપવામાં આવે છે. આંકડાના મૂળ અથવા થડમાં ગણેશજીનું સ્વરૂપ જોવા મળે તેને ભક્તો શુભ માને છે અને સુખ-સમૃદ્ધિ તથા મનોકામના પૂર્ણ થવાની શ્રદ્ધા સાથે અહીં પૂજા-અર્ચના કરે છે.આ સ્થળે આ સ્થાન સાથે મનોકામના ની ચિઠ્ઠી અર્પણ કરવાની પરંપરા પણ જોડાયેલી છે. ગણપતિ ચોથથી ગણેશ ચતુર્થી સુધી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પોતાની મનોકામના કાગળ પર લખીને અહીં લાવે છે અને ગણેશજીના ચરણોમાં અર્પણ કરે છે. મનોકામના પૂર્ણ થશે તેવી શ્રદ્ધા સાથે ભક્તો



આ ચિઠ્ઠીઓ અર્પણ કરે છે. ખાસ કરીને ગણેશ ચોથ અને ગણેશોત્સવ દરમિયાન અહીં દર્શન માટે લોકોની અવરજવર વધતી હોવાનું સ્થાનિકો જણાવે છે.

# ગોપીપુરામાં પ્રેમ મંદિરની થિમ પર ગણેશોત્સવનું આયોજન કરાયું

**પ્રેમાનંદ** મહારાજની વિશેષ ઝલક સાથે ભક્તોને વૃંદાવનનો આધ્યાત્મિક માહોલનો કરાવશે અનુભવ

સુરતઃ ગોપીપુરા વિસ્તારમાં નવ યુવક મંડળ દ્વારા આ વર્ષે પ્રથમવાર ગણપતિ બાપ્પા માટે વૃંદાવનના પ્રસિદ્ધ પ્રેમ મંદિરની થીમ પર ભવ્ય પંડાલ તૈયાર કરવામાં આવ્યો છે. પંડાલમાં પ્રેમ મંદિરની આકર્ષક સ્થાપત્ય શૈલી અને સજાવટની ઝલક ઊભી કરવામાં આવી છે, જેના કારણે ગણેશોત્સવ દરમિયાન આ પંડાલ ભક્તો અને શહેરીજનોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. ખાસ કરીને પંડાલમાં આધ્યાત્મિક વક્તા પ્રેમાનંદ મહારાજની પણ વિશેષ ઝલક રજૂ કરવામાં આવી છે. ગણેશજીના દર્શન સાથે ભક્તોને વૃંદાવનના આધ્યાત્મિક વાતાવરણનો અનુભવ કરાવવાના હેતુથી પંડાલને વિશેષ રીતે તૈયાર કરવામાં આવ્યો છે. પ્રથમવાર અનોખી થીમ સાથે



આયોજિત આ ગણેશોત્સવમાં દિવસ દરમિયાન તેમજ રાત્રિના સમયે પંડાલની રોશની અને સજાવટ નિહાળવા લોકો ઊમટી રહ્યા છે.

# સોના-હીરાના સ્વરૂપે શણગારાયેલા 'મહારાજા ગણેશજી'ના સુરતમાં દર્શન

સુરત : મહારાજા ગણેશ ઉત્સવ સમિતિ દ્વારા 59 મા વર્ષ નિમિત્તે આ વર્ષે વિશેષ શણગાર સાથે 'મહારાજા ગણેશજી'ની સ્થાપના કરવામાં આવી છે. સમિતિના તેજસભાઈ શાંતિલાલ ચોક્સીના જણાવ્યા મુજબ, ગણેશજીને મંડપમાં સોના-હીરાના સ્વરૂપે જડીત આભૂષણોથી સોળે શણગાર કરવામાં આવ્યો છે.

તેમના જણાવ્યા મુજબ, આ પ્રકારના શણગાર સાથે ગણેશજીના દર્શનનો લાભ લેવા ભક્તોને આમંત્રણ આપવામાં આવ્યું છે. ગણેશજીના શણગારમાં મુગટ, કલગી, વેણી, કુંડલ, બાજુબંધ, સૂંઠ બંધ, ગળાના હાર, હાથના કડા અને કમરપટ્ટા સહિતના વિવિધ આભૂષણોનો સમાવેશ થાય છે.

સમિતિના જણાવ્યા મુજબ, આ આભૂષણોનું કુલ વજન અંદાજે 12 કિલો છે અને તેની કિંમત રૂપિયા 6થી 7 લાખ જેટલી થાય છે. આભૂષણોમાં પ્યોર પિત્તળ તથા ક્રિસ્ટલ પ્રકારના ડાયમંડ નંગનો ઉપયોગ કરી તેના પર ગોલ્ડ પોલિશ કરવામાં આવી છે. સમિતિના જણાવ્યા



મુજબ, પોલિશ 8થી 10 વર્ષ સુધી ટકી શકે છે. ગણેશ ભક્તોને વિશેષ શણગારના દર્શન માટે સમિતિ દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.





સોનલ અને આયુષ પંચાલ, નારાયણ નગર, ભટાર


રવિ મહેતા, સુમંગલ યુવક મંડળ, ભટાર


વંશ, જીયા, યુવલ, પુષ્ટિ અને જોએલ દેસાઈ, ડી ૧૧૦૪ સમર્થ સૃષ્ટિ, ગૌરવ પથ રોડ, પાલ


કશ્યપ અને આધ્યા ઉપાધ્યાય, ટેક્સટાઈલ માર્કેટ


સોનલ, હેમા, શિલ્પા, દક્ષા, ગીતા, રમીલા, સેટલાઈટ રો હાઉસ, અડાજણ


દીપ મૈસુરિયા, શ્રી બાલાજી યુવક મંડળ, હીરા નગર સોસાયટી, પરવટ પાટિયા


મિશિકા પારેખ, ગ્રીનલેન્ડ સોસાયટી, સિટીલાઇટ, સુરત


કૃણાલ કાંતિલાલ મહેતા, શિવ કોમ્પ્લેક્સ, અડાજણ


પંથ જતન દેસાઈ, વેનેસા એપાર્ટ., VIP રોડ, વેસુ


કામિની અંકુર રાજપૂત, જી.પી. પાર્ક સોસાયટી, ભટાર


નીર પટેલ, ઓમ યુવક મંડળ, પરવટ પાટિયા


મનીષ મિસ્ત્રી, શીતલ મિસ્ત્રી, વેદ મિસ્ત્રી, નવું ફળિયું-૧, મોટા વરાછા


કરંજ યુવક મંડળ, કરંજગામ


નરેશ પટેલ, ઈગલ ગ્રુપ મગદલ્લા કા રાજા, મગદલ્લા


દેવ જરીવાલા, ગંગોત્રી સોસાયટી, ભટાર


રિયાંકા મહેતા, સેઇલર બાળ મંડળ, ખારવાવાડ, નાનપુરા


દિપન પટેલ એન્ડ પરિવાર, 24, શ્રી જય મહાલક્ષ્મી સોસાયટી, નાના વરાછા


માલવી શેડગે, સરસ્વતી મહિલા મંડળ, સિંગણપોર, કતારગામ


જયેશ અને ભરત મોરે, ગોપાલ પાર્ક સોસાયટી, મિની વીરપુર, અડાજણ


મનીષ ભાવસાર, બાધાવાળા બાપા શ્રીફળના, લીમડા ચોક


ધ્વનિ, પ્રેમિલા, મહેશ, સિદ્ધિવિનાયક યુવક મંડળ, સ્વસ્તિક બંગલો-3, અલથાણ


શાઈના ઋષિન રાયકા, શ્રી વિસત યુવક મંડળ, ખટોદરા